જય જલારામ　　　　　　　　　　　　　　　　　　　　તા. ૦૪/૧૧/૨૦૧૮

# શ્રી મુંદરા લોહાણા મહાજન

## <u>સામાન્ય સભા</u>

**એજન્ડા :-**

૧. ગત મિટીંગનું વાચન અને બહાલી.

૨. પૂજ્ય જલારામાબાપા ની જન્મજયંતિની ઉજવણી અંગે.

૩. નવી વાડીના પ્રસ્તાવિત પ્લાન / ખર્ચ અંગે ચર્ચા વિચારણા.

૪. પ્રમુખસ્થાને થી અન્ય રજૂઆત.

ઉપરોક્ત એજન્ડા પર ચર્ચા કરવા આજરોજ તા. ૦૪/૧૧/૨૦૧૮ ના રોજ સામાન્ય સભામાં સામાજના પ્રમુખ શ્રી મનોજભાઇ કોટક નાદુરસ્ત તબિયતના કારણે અનુપસ્થિત રહેતા, ઉપ પ્રમુખશ્રી અમુલભાઇ ચોથાણી ના અધ્યક્ષ સ્થાને આજની સામાન્ય સભાની શરુઆત કરવામાં આવી જેમાં આ સાથે સામેલ લિસ્ટમાં સહી કરનાર સદસ્યો ઉપસ્થિત રહેલ હતાં.

### એજન્ડા – ૧ ગત મિટીગનું વાંચન અને બહાલી.

**ઠરાવ** – ગત તા.　૦૧/૦૭/૨૦૧૮ ના મળેલ સમાન્ય સભાની કાર્યવાહી નોંધનું આજની સભામાં વાંચન કરવામાં આવેલ જે અંગે કોઇ પણ વાંધા / સૂચન ન હોતાં સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

...૨...

## એજન્ડા – ૨ પૂજ્ય શ્રી જલારામબાપાની જન્મજયંતિની ઉજવણી અંગે.

**ઠરાવ** – આગામી તા.   /   /૨૦૧૮ ના રોજ પરમપૂજ્ય શ્રી જલારામ બાપાની જન્મજયંતિ હોતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ આ તહેવારની ઉજવણી ભાવપૂર્વક કરવાનું આયોજન કરવા માટે આજરોજ સામાન્ય સભાનું આયોજન શ્રી લોહાણા મહાજન વાડી ખાતે કરવામાં આવેલ હતું, જેમાં રાબેતા મુજબ શ્રી રામ મંદિર – મુંદરા ખાતેથી સાંજે ૫–૦૦ કલાકે ઢોલી તેમજ ડી.જે.ના સથવારે ભવ્ય શોભાયાત્રા કાઢવા નક્કી કરવામાં આવ્યું. ત્યાર બાદ શ્રી દરિયાસ્થાન મંદિર ખાતે સાંજે ૭–૩૦ કલાકે મહાઆરતિ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઉપસ્થિત રહેનાર તાલુકાના તમામ જ્ઞાતિજનો માટે સમૂહ પ્રસાદની વ્યવસ્થા જ્ઞાતિની વાડી ખાતે રાત્રે ૮–૦૦ કલાકથી ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

આ પ્રસંગે શ્રી દરિયાસ્થાન મંદિર ની સાફ સફાઇ તેમજ સુશોભન કરવા માટેની જવાબદારી શ્રી લોહાણા યુવક મંડળના પ્રમુખ શ્રી પાર્થભાઇ ઠકકર અને તેમની યુવા ટીમને સોંપવામાં આવી. આ સિવાય શોભાયાત્રાના માર્ગો પર પણ તોરણ / બેનર વગેરેનું શણગાર કરવા તેમજ ડી.જે. ના થનાર ખર્ચની રકમ જ્ઞાતિજનોના ફાળા દ્વારા એકત્ર કરવાની જવાબદારી પણ યુવક મંડળને સોંપવામાં આવી.

આ પ્રસંગે રાખવામાં આવતા સમૂહ ભોજનનો તમામ ખર્ચ જ્ઞાતિજનો ના યથાશક્તિ સહયોગથી કરવામાં આવશે તેમજ રસોડાની જવાબદારી શ્રી ગીરીશભાઇ રાયમંગ્યા તેમજ શ્રી અમુલભાઇ ચોથાણી સંભાળશે તેવું નકકી કરવામાં આવેલ છે.

...૩...

એજન્ડા – ૩ નવી વાડીના પ્રસ્તાવિત પ્લાન / ખર્ચ અંગે ચર્ચા વિચારણા.

**ઠરાવ** – પ્રમુખ શ્રી મનોજભાઇ કોટકની આકસ્મિક અનુપસ્થિતિને કારણે આ મુદે આગળ ઉપર ચર્ચા કરવા નક્કી થયું.

એજન્ડા – ૪ પ્રમુખ સ્થાનેથી / અન્ય રજૂઆત....

**ઠરાવ** – ઉપ પ્રમુખશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ આજની બેઠકમાં શ્રી અમુલભાઇ દ્વારા સૂચિત કાર્યક્રમોની રુપરેખાને સર્વાનુમતે સ્વિકારાઇ તેમજ શ્રી ચોથાણી દ્વારા આગામી પ્રસંગે સમાજના લોકોને હાજર રહેવા તથા સમાજના સભ્યોને પોતાના વ્યાવસાયિક પ્રતિસ્ઠાનો બંધ રાખી બહોળી સંખ્યામાં હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો.

આ સિવાય શ્રી પ્રહલાદ ભાઇ આર. રુપારેલ તરફથી તેમના પિતાશ્રી તેમજ આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રામજીભાઇ રુપારેલના તા. ૦૯/૦૮/૨૦૧૮ ના રોજ થયેલ દુખદ નિધન ના અનુસંધાને તા. ૧૧/૦૮/૨૦૧૮ ના રાખવામાં આવેલ પ્રાર્થના સભા વખતે સમાજના સભ્યોને ધંધાકિય કામકાજ બંધ રાખવા માટે કેમ ન કહેવામાં આવ્યું તેવી અરજી આપવામાં આવેલ હતી અને લેખિતમાં જવાબ આપવા અનુરોધ કરવામાં આવેલ હતો.

આજરોજ ઉપસ્થિત મંત્રી શ્રી પુનિતભાઇ ગણાત્રા તેમજ કારોબારી સભ્ય શ્રી મયુરભાઇ કોટક દ્વારા અંગત દિલસોજી વ્યકત કરી થયેલ ગેર સમજણ વિશે પ્રમુખ શ્રી મનોજભાઇ કોટક સાથે તેમની સ્વસ્થતા બાદ ચર્ચા વિચારણા કરી તેમની માંગ અનુસાર લેખિત જવાબ આપવા નક્કી કરવામાં આવેલ.

આ સિવાય અન્ય કોઇ રજૂઆત / સૂચનો ન હોતાં સામાન્ય સભાની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી.

04/11/2018

મનોજ એચ. કોટક
પ્રમુખ શ્રી
શ્રી મુન્દ્રા લોહાણા મહાજન

શ્રી મુન્દ્રા લોહાણા મહાજન
મંત્રીશ્રી
પુનીતભાઇ શ્રી ગણાત્રા

# શ્રી મુન્દ્રા લોહાણા મહાજન

શ્રી મુન્દ્રા લોહાણા મહાજન

**સામાન્ય સભા તા.** ૦૭-૧૧-૨૦૧૯

ચર્ચા વિચારણાના જે કઈ મુદદા છે (મિનીટસ) એ કોપી ઉપર પ્રમુખશ્રી અને મંત્રીશ્રી ની સહી હશે.
અમો નીચે સહી કરનાર આજ રોજ ની સભામાં જે કઈ ચર્ચા વિચારણા થઈ તેને બહાલી આપીએ છીએ.

| ક્રમ | નામ | હોદો | મો. નબર | સહી |
|---|---|---|---|---|
| ૧. | મનોજ એચ. કોટક | પ્રમુખ શ્રી | 9099079444 | |
| ૨. | અમુલ બી. ચોથાણી | ઉપ પ્રમુખ શ્રી | 9879293939 | |
| ૩. | પુનીત સી. ગણાત્રા | મંત્રી શ્રી | 9825443700 | |
| ૪. | | સહ મંત્રી શ્રી | | |
| ૫. | હાર્દિક યુ. ગણાત્રા | ખજાનચી શ્રી | 8460960906 | |
| ૬. | મયુર એ. કોટક | સભ્ય શ્રી | 9825235519 | |
| ૭. | યોગેશ ડી. પીપરાણી | સભ્ય શ્રી | 9879292750 | |
| ૮. | રાજેશ એન. ચોથાણી | સભ્ય શ્રી | 9825236628 | |
| ૯. | ગીરીશભાઈ આર. રાયમંગ્યા | સભ્ય શ્રી | 9825359439 | |
| ૧૦. | હર્ષદ જી. અનમ | સભ્ય શ્રી | 9426960213 | |
| ૧૧. | જીગર એ. ચોથાણી | સભ્ય શ્રી | 9913535342 | |
| ૧૨. | પ્રકાશ જી. ભંગદે | સભ્ય શ્રી | 9879379977 | |
| ૧૩. | શૈલેશ એ. રાયમંગ્યા | સભ્ય શ્રી | 9825506456 | |
| ૧૪. | નિકુંજ પી. ઠક્કર | સભ્ય શ્રી | 9428080385 | |
| ૧૫. | હિતેન એમ. સોતા | સભ્ય શ્રી | 6351221130 | |
| ૧૬. | તેજશ જે. ચોથાણી | કોપ્ટ સભ્ય શ્રી | 9825235866 | |
| ૧૭. | પાર્થ સી. ઠક્કર | કોપ્ટ સભ્ય શ્રી | 9925266456 | |

# શ્રી મુન્દ્રા લોહાણા મહાજન

**સામાન્ય સભા તા.** ૦૪-૧૧-૨૦૧૬

ચર્ચા વિચારણાના જે કઈ મુદદા છે (મિનીટસ) એ કોપી ઉપર પ્રમુખશ્રી અને મંત્રીશ્રી ની સહી હશે.

અમો નીચે સહી કરનાર આજ રોજ ની સભામાં જે કઈ ચર્ચા વિચારણા થઈ તેને બહાલી આપીએ છીએ.

| ક્રમ | નામ | હોદો | મો. નબર | સહી |
|---|---|---|---|---|
| ૧૮. | જેરામ ઠક્કર | | | [signature] |
| ૧૯. | ભાઈલાલ નારણ સોમૈયા | | ૯૮૨૫૨૨૫૫૬૯ | ભાઈલાલ સોમૈયા |
| ૨૦. | | | | |
| ૨૧. | | | | |
| ૨૨. | | | | |
| ૨૩. | | | | |
| ૨૪. | | | | |
| ૨૫. | | | | |
| ૨૬. | | | | |
| ૨૭. | | | | |
| ૨૮. | | | | |
| ૨૯. | | | | |
| ૩૦. | | | | |
| ૩૧. | | | | |
| ૩૨. | | | | |
| ૩૩. | | | | |
| ૩૪. | | | | |